# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૨૪/૪/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ‘પ્રાદેશિક ઓટીટી– નવો મનોરંજન પ્રવાહ’ વિશે વેબિનાર

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૨૦ એપ્રિલ, ૨૦૨૧ના રોજ ‘પ્રાદેશિક ઓટીટી– એક નવો મનોરંજન પ્રવાહ’ વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સિનેમેન પ્રોડકશન્સ લિમિટેડના ફાઉન્ડર તેમજ ફિલ્મ મેકર અભિષેક જૈને ગુજરાતી ફિલ્મો અને નાટકોને પ્રાધાન્ય મળી રહે તે માટે રિજનલ ઓટીટી લોન્ચ કરવા જઇ રહયા છે.

ફિલ્મ મેકર અભિષેક જૈને જણાવ્યું હતું કે, ફિલ્મ જગતમાં ભારતના જુદા–જુદા રાજ્યોમાં પ્રાદેશિક ભાષાને વધારે મહત્વ આપવામાં આવે છે. ગુજરાતમાં લોકો ગુજરાતી ફિલ્મો જોતા થયા છે અને ગુજરાતી ભાષાને વધારે મહત્વ મળે તેના માટે ગુજરાતી ફિલ્મો તેમજ નાટકોને રિજનલ ઓટીટી પ્લેટફોર્મ ઉપર લઇ જવામાં આવશે. ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિને જાળવી રાખવા માટે પ્રયાસ કરવામાં આવી રહયો છે. કોરોનાની વર્તમાન પરિસ્થિતિ ભવિષ્યમાં સામાન્ય થયા બાદ રિજનલ ઓટીટીને લોન્ચ કરવામાં આવશે.

ચેમ્બરની કેલિડોસ્કોપ સિરીઝના કો–ઓર્ડીનેટર ડો. નિકેત શાસ્ત્રીએ વેબિનારનું સંચાલન કર્યું હતું.